# આત્મધર્મ

માસિક : વર્ષ-૨ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૦૭



**ત્રિલોકીનાથ તીર્થંકર પરમાત્માની પ્રતિમા કે સાક્ષાત્ ભગવાન હોય તેની સેવાનું લક્ષ કરવું તે પણ એક શુભભાવ છે, ધર્મભાવ નથી. અરે ! દેવ-શાસ્ત્ર-ગુરુ પણ પર છે, તેનું લક્ષ કરવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે. એ પુણ્ય એટલે અજ્ઞાનપણું—અચેતનપણું પ્રાપ્ત થાય છે.** —*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ કેવો છે તે સમ્યગ્દષ્ટિ? ઉત્તમ ગુણો જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ આદિમાં તો અનુરાગી (ભાવનાવંત) હોય, એ ગુણો ધારક ઉત્તમ સાધુજનોના વિનયથી યુક્ત હોય તથા પોતા સમાન સમ્યગ્દષ્ટિ સાધર્મીજનોમાં અનુરાગી–વાત્સલ્યગુણ સહિત હોય એવો તે ઉત્તમ સમ્યગ્દષ્ટિ હોય છે. એ ત્રણે ભાવ ન હોય તો જાણવું કે તેનામાં સમ્યક્ત્વનું યથાર્થપણું નથી. ૧૦૦૯.

*(સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા–૩૧૫)*

. ❀ અર્થ (લક્ષ્મી) અનંત અનર્થને કરે છે, તે કશાય અર્થની નથી. અર્થ તો તે જ જે પરમાર્થને સાધે, તેની કામનાથી શું કામ? નિજકામનાથી કામ કે એ જ સુકામને સુધારે...૧૦૧૦. *(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું–૯૩)*

❀ હે ભવ્ય જીવ! મનકો પ્રસન્ન રખનેવાલી ઔર સર્વ કાલમેં સુખ દેનેવાલી સેવને યોગ્ય ક્ષમા નામકી કુલ સ્ત્રીકા તુઝે બારબાર સેવન કરના ચાહિયે. ૧૦૧૧.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૨૬૫)*

❀ બોધિ અને સમાધિનું લક્ષણ કહે છે :—નહિ પ્રાપ્ત કરેલ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ કરવી તે બોધિ છે અને તેમને (સમ્યગ્દર્શનાદિને) જ નિર્વિઘ્નપણે બીજા ભવમાં સાથે લઈ જવા તે સમાધિ છે. ૧૦૧૨

*(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા–૩૫ની ટીકામાંથી)*

❀ જેમ લોખંડની સોઈ નાની હોવા છતાં જો તે દોરાથી સહિત હોય તો ગમે ત્યાં કચરામાં પડી જાય તોપણ તે મળી જાય છે. પ્રમાદથી પડી જવા છતાં આંખથી દેખાય છે અને ફરી મળી જાય છે. તેમ સાધુ જો શ્રુતજ્ઞાન સહિત હોય તો સંસારરૂપી ખાડામાં પડતાં નથી. પ્રમાદ–દોષથી ઉત્કૃષ્ટ તપશ્ચરણ કરવામાં અસમર્થ હોવા છતાં પણ કપટ રહિત ચિત્ત હોવાથી નિરંતર સ્વાધ્યાય કરે છે, જેથી તે કર્મ ક્ષય કરે છે. ૧૦૧૩. *(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, સમયસાર અધિકાર, ગાથા–૮૩)*

વર્ષ-૨

અંક-૪




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સંવત

૨૦૬૪

December

A.D. 2007


# કારણશુદ્ધપર્યાય

## જ્ઞાનના પ્રકારોમાં ક્યું જ્ઞાન કોને હોય છે-તેનું વર્ણન

[શ્રી 'નિયમસાર' ગાથા ૧૧-૧૨ તથા તેની ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(સળંગ પ્રવચન નં. ૮)

આ 'નિયમસાર'ની ૧૧-૧૨મી ગાથા ચાલે છે. એમાં આત્મા ઉપયોગસ્વરૂપ છે તેના જ્ઞાનોપયોગના પ્રકારો કહ્યા. પછી તેમાંથી ક્યા પ્રકારો કોને હોય છે તે કહ્યું અને પછી તેમાં પ્રત્યક્ષ-પરોક્ષપણાનું વર્ણન કર્યું.

"વળી વિશેષ એ કે ઉક્ત (ઉપર કહેલાં) જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ નિજપરમતત્ત્વમાં સ્થિત એવું એક સહજજ્ઞાન જ છે; તેમજ સહજજ્ઞાન (તેના) પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે ભવ્યનો પરમસ્વભાવ હોવાથી સહજજ્ઞાન સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી."

જુઓ! આ ઉપાદેય તત્ત્વનું વર્ણન!! ઉપાદેય શું છે?-કે જેના આશ્રયે મુક્તિ થાય તેની આ વાત છે. જડ દેહાદિની ક્રિયા તો ઉપાદેય નથી, રાગ તો ઉપાદેય નથી ને જ્ઞાનાદિના ક્ષણિકભાવો પણ ઉપાદેય નથી એટલે કે તે ભેદોના આશ્રય કરવાયોગ્ય નથી કેમકે તેનો આશ્રય કરવાથી રાગ થાય છે પણ મુક્તિ થતી નથી.

આત્માના પરમસ્વભાવરૂપ જે સહજજ્ઞાન છે તે જ ઉપાદેય છે. તેના આશ્રયે કેવળજ્ઞાન અને મોક્ષદશા થઈ જાય છે, તેથી તે જ મોક્ષનું મૂળ છે અને તે જ્ઞાન આત્માના પરમતત્ત્વમાં સદાય વર્તી રહ્યું છે.

અહીં તો મહામુનિરાજ સ્પષ્ટ કહે છે કે અહો! આવા જ્ઞાન સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. આ સહજજ્ઞાનનો આશ્રય કરવો તે જ સાક્ષાત્ મોક્ષનું મૂળ છે. આ સિવાય, વ્યવહારનો–રાગનો–નિમિત્તનો આશ્રય કરવો તે મોક્ષનું કારણ નથી પણ સંસારનું કારણ છે.

અહીં સહજજ્ઞાનને જ મોક્ષનું મૂળ કારણ કહ્યું કેમકે તેમાં લીનતાથી જ મોક્ષ થાય છે. નીચેના ચાર (–સમ્યક્મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય) જ્ઞાનોને મોક્ષનું કારણ ન કહ્યું કેમકે તેમનો તો અભાવ થઈને કેવળજ્ઞાન થાય છે, તેથી તેઓ પરમાર્થે મોક્ષનું કારણ નથી અને કેવળજ્ઞાન તો પોતે મોક્ષસ્વરૂપ છે, પરંતુ સાધકને તે કેવળજ્ઞાન હોતું નથી.

સહજજ્ઞાન સદાય પારિણામિકસ્વભાવે વર્તી રહ્યું છે. તે ત્રિકાળ મોક્ષસ્વરૂપ છે ને તેમાં લીન થઈને તેને ઉપાદેય કરતાં મોક્ષપર્યાય પ્રગટી જાય છે. આ રીતે મોક્ષના મૂળરૂપ એવું આ સહજજ્ઞાન જ ઉપાદેય છે.

વીતરાગી મુનિરાજ ઉપદેશ આપે છે કે હે ભવ્ય! આવું સહજજ્ઞાન તારો પરમસ્વભાવ છે; માટે અંતર્મુખ થઈને તેને જ તું ઉપાદેય કર. આ સહજજ્ઞાન તારો પારિણામિકસ્વભાવ છે, તે ક્યારેય તારાથી જુદું પડતું નથી. જેનો કદી વિરહ નથી એવું આ સ્વરૂપપ્રત્યક્ષ સહજજ્ઞાન જ સાક્ષાત્ મોક્ષનું મૂળ છે, તેનામાં જ મુક્તિ આપવાનું સામર્થ્ય છે, માટે તારા શ્રદ્ધા-જ્ઞાનમાં તેને જ તું ઉપાદેય કર.

કેવળજ્ઞાન તો વર્તમાનમાં છે નહિ, તે તો પ્રગટ કરવાનું છે. સાધકને સમ્યક્મતિ-શ્રુતજ્ઞાન છે, તે પરંપરા મોક્ષનું કારણ છે પણ તે સાક્ષાત્ મોક્ષનું કારણ નથી. તો 'સાક્ષાત્ મોક્ષના કારણરૂપે ક્યું જ્ઞાન વિદ્યમાન છે'—તે અહીં બતાવે છે : પારિણામિકભાવે આત્માના નિજતત્ત્વમાં ત્રિકાળ લવલીન વર્તતું એવું સહજજ્ઞાન જ મોક્ષનું સાક્ષાત્ કારણ છે, માટે તે જ ઉપાદેય છે.

જેમ નિશ્ચય-વ્યવહારના અનેક પડખાં જાણીને તેમાં શુદ્ધનિશ્ચય જ ઉપાદેય છે; તેમ અહીં જ્ઞાનના અનેક પ્રકારો બતાવીને મુનિરાજ પદ્મપ્રભભગવાન કહે છે કે જ્ઞાનના બધા પ્રકારોમાં આ પરમસ્વભાવરૂપ સહજજ્ઞાન જ ઉપાદેય છે, એ સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. જ્ઞાનના ક્ષણિક ભાવો ઉપાદેય નથી પણ તે સિવાય જ્ઞાનનો એક એવો સહજભાવ કે જે સદાય સદૃશરૂપ વર્તે છે, ધ્રુવરૂપ છે, પરમસ્વભાવરૂપ છે, આવો પરમસ્વભાવ જ ઉપાદેય છે.

અત્યારે અહીં જ્ઞાનનું વર્ણન ચાલે છે તેથી તેની વાત કરી છે પણ તે જ્ઞાનની જેમ

શ્રદ્ધા, આનંદ વગેરે બધા ગુણોમાં પણ જે સહજસ્વભાવરૂપ ભાવ વર્તે છે તે જ પરમઉપાદેય છે એમ સમજવું.

આત્માના જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય, સુખ, ચારિત્ર વગેરે બધા ગુણોમાં પોતપોતાનો સહજભાવ એકરૂપ સદૃશ પરિણતિથી અનાદિ-અનંત વર્તે છે અને તે 'વર્તમાન વર્તતો સહજભાવ' જ તે તે ગુણની પૂર્ણદશાનો દાતાર છે.

ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન થતાં જે સહજ આનંદનું વેદન થયું તથા તેરમા ગુણસ્થાને તેવા પરિપૂર્ણ આનંદનું વેદન થયું—તે આનંદનો દાતાર કોણ?–કે આનંદનો જે સદાય એકરૂપ સહજભાવ વર્તે છે તે જ પ્રગટ આનંદનો દાતાર છે! આ જે આનંદનો સહજભાવ ત્રિકાળ વર્તે છે તે પોતે વેદનરૂપ નથી પણ તેના આશ્રયથી આનંદનું વેદન નવું પ્રગટે છે; તેથી સહજભાવ આનંદનું મૂળ છે. આ પ્રમાણે આનંદની માફક શ્રદ્ધા વગેરે બધા ગુણોમાં સમજી લેવું. આવો આત્માનો સહજસ્વભાવ જ ઉપાદેય છે.

અહો! આ કોઈ અદ્ભુત વાત છે!! જેના અંતર્‌માં આ સહજસ્વભાવનો મહિમા આવી ગયો, તેના આત્મામાં મોક્ષના બીજ રોપાઈ ગયાં.

**આત્મામાં પારિણામિકભાવે સ્થિત સહજભાવે સદા વર્તતું એવું સ્વરૂપપ્રત્યક્ષ-જ્ઞાન તે મોક્ષનું મૂળ છે; તે પોતે મોક્ષમાર્ગરૂપ નથી પણ તેનો આશ્રય કરવાથી મોક્ષમાર્ગ તથા મોક્ષપર્યાય પ્રગટી જાય છે. મતિજ્ઞાન વખતે કે કેવળજ્ઞાન વખતે તે સદા એકરૂપે વર્તે છે, તેનું પરિણમન સદૃશરૂપ છે, તેનામાં હીનાધિકતા થતી નથી. પરિણમન હોવા છતાં તે કાર્યરૂપ નથી પણ કારણરૂપ છે. 'પરિણમન' કહીને અહીં ઉત્પાદ-વ્યય નથી સૂચવતા પણ તેનું દરેક સમયે વર્તમાન વિદ્યમાનપણું સૂચવવું છે.**

અહો! મુનિઓએ અંતર્‌માંથી અમૃત ઝર્યાં છે. આ અચિંત્ય અપૂર્વ વાત છે. હિન્દુસ્તાનને માટે અત્યારે આ વાત તદ્દન નવી છે. જેના મહાભાગ્ય હોય તેને આ વાત કાને પડે તેવી છે અને જેના અંતર્‌માં આ વાત બેસી ગઈ તેની તો વાત જ શી!! એનો તો બેડો પાર થઈ ગયો. આ તો અંતર્‌ના સૂક્ષ્મ રહસ્યની વાત છે. આમાં દૃષ્ટાંત પણ શું આપવું? દૃષ્ટાંત આપીને સમજાવવા જતાં સ્થૂળતા થઈ જાય છે. છતાં સાધારણપણે લીંડીપીપરનું દૃષ્ટાંત લઈએ.

જેમ લીંડીપીપરનો તીખો સ્વભાવ છે તે સ્વભાવનું ચોસઠપહોરી તીખાશની શક્તિરૂપ પરિણમન તો સદાય ચાલુ જ છે; વ્યક્તરૂપે ભલે એક પહોરી તીખાશ હોય કે

ચોસઠપહોરી હોય પણ ચોસઠપહોરી તીખાશની શક્તિ તો પરિણમી જ રહી છે. પુદ્‌ગલોમાં જે રસગુણ છે તે તો સામાન્ય છે પણ લીંડીપીપરમાં જે ચોસઠપહોરી તીખાશનું શક્તિરૂપ પરિણમન છે તે એક ખાસ ભાવ છે.

તેમ, આત્મામાં જ્ઞાનસ્વભાવ છે. તે જ્ઞાનસ્વભાવમાં સર્વજ્ઞતાની શક્તિરૂપ પરિણમન તો સદાય ચાલુ જ છે. જો તે શક્તિરૂપ પરિણમન ન હોય તો સર્વજ્ઞતાની વ્યક્તિ શેમાંથી થાય? અહીં વર્તમાન કાર્યનો આધાર પણ વર્તમાન જ છે—તે બતાવવું છે. વ્યક્તરૂપે ભલે મતિજ્ઞાન હો કે કેવળજ્ઞાન હો પણ સર્વજ્ઞતાની શક્તિ તો જ્ઞાનમાં પરિણમી જ રહી છે. જ્ઞાનગુણ ત્રિકાળ સામાન્ય લેવો ને તે જ્ઞાનમાં સર્વજ્ઞતાનું કારણ થવાની તાકાત વર્તમાન પણ વર્તી રહી છે—તે અહીં બતાવવું છે. જ્ઞાનનો આ સહજભાવ સદા પરિણમનપણે વર્તી જ રહ્યો છે. પર્યાયના ઉત્પાદ-વ્યયરૂપ જે પરિણામ છે–તેની આ વાત ન સમજવી પણ જ્ઞાનનો સહજભાવ જે સદા સદૃશરૂપે વર્તે છે—તેની આ વાત છે.

ભવ્યજીવોને આ સહજજ્ઞાન જ ઉપાદેય છે. આત્માના પરમપારિણામિકસ્વભાવરૂપ એવા આ સહજજ્ઞાન સિવાય બીજું કાંઈ ખરેખર ઉપાદેય નથી.

જો કેવળજ્ઞાનપર્યાયને ઉપાદેય કરવા જાય તો તે પર્યાય વર્તમાનમાં પોતાને તો છે નહિ, તો દૃષ્ટિને ક્યાં થંભાવશો? કેવળજ્ઞાનને જે આધાર છે એવો વર્તમાન સહજસ્વભાવ-રૂપ ઉપયોગ કે જે અત્યારે પણ એકરૂપ પરિપૂર્ણ સામર્થ્યસહિત વર્તી રહ્યો છે, તેના ઉપર મીટ માંડવા જેવું છે; તેના ઉપર મીટ માંડતાં સાધકદશા થઈને કેવળજ્ઞાન ખીલી જાય છે. આ રીતે, સહજજ્ઞાન જ મોક્ષનું મૂળ હોવાથી ઉપાદેય છે. જુઓ! આ મોક્ષનું મૂળ!!

શરીરાદિ તો જડ છે, પુણ્ય-પાપ તો વિકાર છે ને મતિ–શ્રુતજ્ઞાન તો અધૂરા છે; તે કોઈનામાં એવી તાકાત નથી કે મોક્ષપદ આપે. માટે, તે કોઈ મોક્ષનું મૂળ નથી.

હવે, કેવળજ્ઞાનપર્યાય ઉપર મીટ માંડવા જાય તો પોતાને તે પર્યાય નથી, તેથી 'કેવળજ્ઞાન નથી ને પ્રગટ કરું' એવી આકુળતા થાય છે ને આકુળતા તો કેવળજ્ઞાનને અટકાવનાર છે; માટે કેવળજ્ઞાનપર્યાય ઉપર મીટ માંડવી તે પણ કેવળજ્ઞાનનો ઉપાય નથી એટલે કે તે પણ મોક્ષનું મૂળ નથી. તો કોના ઉપર મીટ માંડવી? તારા જ્ઞાનના ધ્રુવ આધારરૂપ સહજજ્ઞાનસ્વભાવ અત્યારે પણ તારામાં વર્તી રહ્યો છે ને તે જ મોક્ષનું મૂળ છે; માટે તેના ઉપર જ મીટ માંડ! તેના ઉપર મીટ માંડતાં તારું કેવળજ્ઞાન ખીલી જશે.

અહો! આ સમજે તેની બુદ્ધિ અંતર્‌સ્વભાવમાં વળી જાય. અંતર્‌સ્વભાવ સિવાય

જડની ક્રિયાનો, રાગનો કે અધૂરીદશાનો આદર તેની બુદ્ધિમાં રહે નહિ. જેણે આવા અંતર્સ્વરૂપને જ ઉપાદેય તરીકે સ્વીકાર્યું તે કેવળજ્ઞાનના પંથે ચડી ગયો. હવે અલ્પકાળમાં કેવળજ્ઞાન પામી જશે.

જડની ને વિકારની વાત તો ક્યાંય ઉડી ગઈ પણ સમ્યક્‌મતિ-શ્રુતજ્ઞાનને કેવળજ્ઞાનનું કારણ કહેવું તે પણ વ્યવહારથી છે. પરમાર્થે તો ત્રિકાળી કારણસ્વભાવજ્ઞાન જ કેવળજ્ઞાનનું કારણ છે અને તે જ મોક્ષનું મૂળ હોવાથી પરમ ઉપાદેય છે. સમ્યગ્દર્શનને મોક્ષનું મૂળ કહેવાય છે તે પણ પર્યાય અપેક્ષાએ વ્યવહારથી છે.

એકવાર પણ જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તે જીવ અલ્પકાળમાં મોક્ષ પામશે—એ પ્રકારે સમ્યગ્દર્શનનો મહિમા સમજાવવા માટે તે સમ્યગ્દર્શનને મોક્ષનું મૂળ કહેવાય છે પણ તે સમ્યગ્દર્શન ક્યારે થાય?–કે આત્માના સહજજ્ઞાનરૂપ પરમસ્વભાવને ઉપાદેય કરે ત્યારે.

આ રીતે, આત્માના સહજજ્ઞાનરૂપ પરમસ્વભાવને ઉપાદેય કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને મોક્ષ થાય છે, તેથી તે પરમભાવ જ મોક્ષનું મૂળ છે એમ જાણવું અને મોક્ષની જેમ સમ્યગ્દર્શનાદિનું પણ મૂળ તે જ છે–એમ સમજવું.

જુઓ! આ મૂળ કારણની વાત!! શાસ્ત્રોમાં વ્યવહાર કારણોના અનેક કથનો આવે. ત્યાં તેના આશ્રયથી જ લાભ થવાનું જેણે માન્યું હોય તેની પંડિતાઈ ઉપર પાણી ફરી જાય એવી આ વાત છે.

જ્યાં અંતર્‌ના જ્ઞાયકતત્ત્વ ઉપર દૃષ્ટિ ગઈ ત્યાં બહારના બધાય કારણો ઉપર પાણી ફરી વળે છે અર્થાત્ બહારનું કોઈપણ કારણ પોતાના કારણ તરીકે દેખાતું નથી.

તિર્યંચ-દેડકા વગેરેનો જીવ હો કે આઠ વર્ષના બાળકનો જીવ હોય, અંતર્સ્વરૂપ અવલંબને જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં તેને આવું ભાન થાય છે કે અહો! આ મારો સહજ-સ્વભાવ જ મારા સમ્યગ્દર્શનાદિ કાર્યોનું કારણ છે ને આ જ મારે સર્વથા ઉપાદેય છે.

અજ્ઞાની જીવો કારણ...કારણ કરે છે; નિમિત્ત કારણથી થાય ને વ્યવહાર કારણથી થાય એમ માનીને પરાશ્રયબુદ્ધિથી તેઓ ભવ-ભવમાં ભટકે છે.

અહીં, વીતરાગી સંતોએ અંતર્‌નું ધ્રુવ કારણ બતાવીને બધાય બાહ્યકારણોના અવલંબનનો ભુક્કો ઉડાડી દીધો છે ને અંતરમાં મોક્ષનું મૂળ કારણ બતાવીને તેનું અવલંબન કરાવ્યું છે.

અહો! અજબ વાત કરી છે!! અંતરમાં આવા કારણના સેવનથી સિદ્ધપદને સાધતાં-સાધતાં આ રચના થઈ છે. અહો! આ મારા સિદ્ધપદનું કારણ! આમ, કારણ પ્રત્યેનો અચિંત્ય આહ્‌લાદ પ્રસિદ્ધ કર્યો છે, તેના અવલંબને કાર્ય સધાઈ રહ્યું છે.

'કાર્ય' વગર 'કારણ'ના મહિમાની ખબર ન પડે. જેમ લીંડીપીપરની એક પહોરી તીખાશ જેટલો જરાક સ્વાદ પણ ચાખે તો ખબર પડે કે આવી ચોસઠપહોરી (પરિપૂર્ણ) તીખાશ પ્રગટવાની તાકાત આ લીંડીપીપરમાં ભરી છે; તેમ જેણે અંતર્મુખ થઈને સમ્યગ્દર્શનરૂપ કાર્ય પ્રગટ કર્યું અને આત્માના આનંદનો જરાક સ્વાદ ચાખ્યો ત્યાં તેને તેના કારણના અચિંત્ય મહિમાની ખબર પડી કે અહો! આવા પરિપૂર્ણ આનંદનું કારણ મારો આત્મા જ છે. મારા આત્મામાં આવા આનંદનું કારણ સદાય વર્તી રહ્યું છે ને આજ મારે ઉપાદેય છે!

મોક્ષનું મૂળ એવું સહજજ્ઞાન ત્રિકાળ પારિણામિકભાવરૂપ સ્વભાવવાળું છે; કેવળજ્ઞાન ક્ષાયિકભાવરૂપ છે; મતિજ્ઞાન વગેરે ક્ષાયોપશમિકભાવરૂપ છે ને આ સ્વરૂપપ્રત્યક્ષ સહજજ્ઞાન તો પારિણામિકભાવરૂપ છે તથા તે ભવ્યનો પરમસ્વભાવ હોવાથી તે જ ઉપાદેય છે. ભવ્યને તેનું ભાન થાય છે માટે 'ભવ્યનો પરમસ્વભાવ' કહ્યો. અભવ્યને આવા સ્વભાવનું ભાન થતું નથી. ભવ્યનો પરમ-સ્વભાવ હોવ આથી આ સહજજ્ઞાન સિવાય, કાંઈ ઉપાદેય નથી.

જેમ મેરુપર્વત નીચે સોનું છે...પણ તે શા કામનું? તેમ અભવ્યને પણ આવો સ્વભાવ તો છે પણ ભાન વગર તે શા કામનો?

'કારણ' તો છે પણ મિથ્યાદૃષ્ટિ તેનું અવલંબન લઈને કાર્ય પ્રગટ કરતો નથી. કારણના અવલંબને કાર્ય થાય છે.

સમ્યગ્દૃષ્ટિને પોતાના પારિણામિકસ્વભાવરૂપ જે સહજજ્ઞાન છે તે જ ઉપાદેય છે આ સિવાય સમ્યગ્દૃષ્ટિ બીજું કાંઈ ઉપાદેય માનતા નથી.

જે જીવો પરમાનંદના અભિલાષી હોય, જેઓ આત્માર્થી હોય, જેઓ મોક્ષાર્થી હોય તેઓ પોતાના એક પરમજ્ઞાનસ્વભાવને જ ઉપાદેય કરો....તે અંતર્‌સ્વભાવની ખાણમાંથી જ સમ્યગ્દર્શનાદિ રત્નો નીકળે છે, તેથી તે જ ઉપાદેય છે.

જ્ઞાન-આનંદના સહજ વિલાસરૂપ આ પરમાર્થ સ્વભાવ સિવાય બીજું કાંઈ ધર્મીને ઉપાદેય નથી.

આ રીતે, જ્ઞાનના પ્રકારોમાં પરમસ્વભાવરૂપ સહજજ્ઞાનને ઉપાદેય બતાવ્યું.

હવે, તે સહજજ્ઞાનના વિલાસરૂપે જ આત્માને ભાવવો-એમ કહેશે.

**આત્માને કેવો ભાવવો-તેનું વર્ણન :**

આત્માના પરમસ્વભાવરૂપ સહજજ્ઞાનનો પરમમહિમા બતાવીને તથા તે જ ઉપાદેય છે એમ સમજાવીને હવે કહે છે કે "આ સહજ ચિદ્વિલાસરૂપે...એ સ્વભાવ અનંતચતુષ્ટયથી જે સનાથ (સહિત) છે એવા આત્માને ભાવવો."

આત્માના સ્વભાવ-અનંતચુતષ્ટય કેવા છે તે કહે છે :

(૧) સદા સહજ પરમવીતરાગ સુખામૃત,

(૨) અપ્રતિહત નિરાવરણ પરમચિત્શક્તિનું રૂપ,

(૩) સદા અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ પરમચારિત્ર અને

(૪) ત્રણેકાળે અવિચ્છિન્ન હોવાથી સદા નિકટ એવી પરમચૈતન્યરૂપની શ્રદ્ધા.

આવા, સ્વભાવ-અનંતચતુષ્ટયથી આત્મા સનાથ છે અને સનાથ એવી મુક્તિસુંદરીનો તે નાથ છે. આવા આત્માને સહજજ્ઞાનના વિલાસરૂપે ભાવવો [અર્થાત્ સહજજ્ઞાન વિલાસરૂપે સ્વભાવઅનંતચતુષ્ટયયુક્ત આત્માને ભાવવો-અનુભવવો].

અહીં જે સુખ, વીર્ય, ચારિત્ર અને શ્રદ્ધા—એ ચતુષ્ટય લીધા છે, તે ત્રિકાળની વાત છે.

આત્માને 'સહજચિદ્વિલાસરૂપ' કહીને જ્ઞાનની વાત તો પહેલાં જ લીધી અને સ્વભાવ-અનંતચતુષ્ટયમાં (૧) આનંદને સદા વીતરાગ કહ્યો, (૨) ચિત્શક્તિરૂપ બળને નિરાવરણ અપ્રતિહત કહ્યું, (૩) ચારિત્રને સદા અંતર્મુખસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ કહ્યું અને (૪) શ્રદ્ધાને ત્રિકાળ અવિચ્છિન્નરૂપે સદા નિકટ બતાવી. આવા સ્વભાવ-ચતુષ્ટથી જે સનાથ છે અને મુક્તિસુંદરીનો નાથ છે એવા ભગવાન આત્માને સહજચૈતન્યવિલાસરૂપે ભાવવો.

આ 'ભાવના' તે મોક્ષમાર્ગ છે. 'ભાવના' કહેતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે તેમાં આવી જાય છે ને આવી ભાવનાથી ભવનો અભાવ થાય છે.

જુઓ! આ મોક્ષ માટેની ભાવના!! જેણે આત્માની મોક્ષદશા પ્રગટ કરવી હોય તેણે આવા આત્માને જ ભાવવો. જડની ક્રિયાના વિલાસરૂપે આત્માને ન ભાવવો, રાગના

વિલાસરૂપે આત્માને ન ભાવવો તેમજ અલ્પજ્ઞતાના વિકાસરૂપે આત્માને ન ભાવવો પણ અનંતચતુષ્ટયસહિત સહજજ્ઞાનના વિલાસરૂપે સદા આત્માને ભાવવો.

સહજજ્ઞાનના વિલાસસ્વરૂપ આત્મા સદા કારણ-ચતુષ્ટયસહિત બિરાજી રહ્યો છે, તેની ભાવના કરતાં કાર્ય-ચતુષ્ટય પ્રગટે છે. 'કારણ'ની ભાવનાથી 'કાર્ય' થાય છે.

અહીં, કારણરૂપ જે સહજજ્ઞાન, તેના વિલાસની સાથે સ્વભાવ-ચતુષ્ટને ભેળવીને, તે ચતુષ્ટયસહિત આત્માની ભાવના કરવાનું કહ્યું. તેનું ફળ મુક્તિ છે.

જુઓ! આ સહજચૈતન્યનો વિલાસ!! આમા જ આત્માનો ખરો વિલાસ છે. આ બહારના વિલાસમાં તો દુઃખ છે ને આત્માના વિલાસમાં આનંદ છે. ચૈતન્યમૂર્તિ આત્માનો આ ત્રિકાળી વિલાસ અમૃતમય છે, તેમાં જ આત્માની મોજ છે. માટે, તેની જ ભાવના ભાવવી-એવો સંતોનો ઉપદેશ છે.

જડનો વિલાસ જુદો છે, વિકારનો વિલાસ દુઃખરૂપ છે ને પર્યાયનો વિલાસ ક્ષણિક છે. આત્માના સહજચૈતન્યનો વિલાસ આનંદમય છે, ધ્રુવ છે, સદા પોતાથી અભિન્ન છે. માટે, તે વિલાસરૂપે આત્માની ભાવના ભાવવી.

પરમપારિણામિકભાવે ત્રિકાળ વિલસતો આત્મા, તે જ સમ્યગ્દર્શનનું ધ્યેય છે, તેના જ આશ્રયે સમ્યગ્દર્શનાદિ થાય છે-આવો જે ચૈતન્યનો સહજવિલાસ છે તેને કદી આવરણ નથી, તેમાં કોઈ બાધા નથી, પીડા નથી, દુઃખ નથી. તે સદા નિરાવરણ છે, નિર્બાધ છે, અવિચ્છિન્નધારારૂપે છે, અમૃતમય છે, આનંદમય છે, વીતરાગસ્વરૂપ છે. અહો! આવા આત્માની ભાવના તે જ ધર્માત્માનું કર્તવ્ય છે.

અહો! આ ભગવાનના શાસ્ત્રમાં કેવી અલૌકિક વાત ભરી છે!! જુઓ તો ખરા! આ તો ભાગવત-શાસ્ત્ર છે.

અંદર ધ્રુવ સ્વભાવ પૂરા આનંદથી સદા પરિપૂર્ણ ભર્યો છે. તેના ઉપર જ શાસ્ત્રકાર સંતોએ મીટ માંડી છે. જેણે આવા ત્રિકાળી પરમ સત્‌નો આદર કર્યો તેને સ્વપ્ને પણ અસત્‌નો (અર્થાત્ રાગાદિ વ્યવહારનો) આદર હોય જ નહિ.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ તે પર્યાય છે, તે નિશ્ચયમોક્ષમાર્ગ છે પણ તે કેમ પ્રગટે?-આત્મસ્વભાવના અવલંબને તે પ્રગટે છે તેથી આત્માનો પરમસ્વભાવ જ મોક્ષનું નિશ્ચયકારણ છે ને નિશ્ચયરત્નત્રયરૂપ મોક્ષમાર્ગ તે મોક્ષનું વ્યવહારકારણ છે.

આત્મા સહજજ્ઞાનના વિલાસરૂપ છે. તેનો વિલાસ સદા આનંદરૂપ છે. સમ્યગ્દર્શન થતાં કે કેવળજ્ઞાન થતાં જે આનંદનું વેદન થયું તે આનંદ ક્યાંથી આવ્યો?–પરમવીતરાગ-આનંદ સાથે આત્મા સદા એકમેક છે, તેમાંથી જ આનંદ પ્રગટ્યો છે. એ જ પ્રમાણે પરમચૈતન્યશક્તિરૂપ વીર્ય પણ આત્મામાં અપ્રતિહતપણે ત્રિકાળ નિરાવરણ છે તે જ પૂર્ણ આત્મબળનું દાતાર છે. વળી, યથાખ્યાતચારિત્રનું દાતાર એવું પરમચારિત્ર આત્મામાં સદા અંતર્મુખપણે વર્તી જ રહ્યું છે અને શ્રદ્ધા પણ ત્રિકાળ અવિચ્છિન્નપણે આત્મામાં સદા નિકટ રહેલી છે, તેનો કદી વિરહ નથી, તે નિકટવર્તી શ્રદ્ધાશક્તિ જ સમ્યક્ત્વની દાતાર છે. આ રીતે ભગવાન આત્મા અનંતચતુષ્ટયનો નાથ છે. આ અનંતચતુષ્ટયના નાથને સહજજ્ઞાન-રૂપે વિલસતો ભાવવો. આવા સ્વભાવની ભાવના તે મોક્ષમાર્ગ છે, ને તેનું ફળ મોક્ષ છે. આ રીતે અનંતચતુષ્ટયના નાથ ભગવાન આત્માને સહજજ્ઞાનના વિલાસરૂપે ભાવવાનો સંતોનો ઉપદેશ છે. હવે આ ઉપદેશ કેવો છે? તે કહેશે.

**બ્રહ્મોપદેશ :**

જ્ઞાયકમૂર્તિ આત્માના સ્વભાવરૂપ જે કારણસ્વભાવજ્ઞાન છે તે સહજ છે, સ્વરૂપપ્રત્યક્ષ છે, સાક્ષાત્ મોક્ષનું મૂળ છે, જીવના પરમસ્વભાવરૂપ છે અને તે જ ઉપાદેય છે. માટે, આવા સહજજ્ઞાનના વિલાસરૂપે અનંતચતુષ્ટયના નાથ આત્માને ભાવવો–એવો સંતોનો ઉપદેશ છે.

જુઓ! આ વીતરાગી સંતોનો બ્રહ્મોપદેશ!! કેવો છે આ બ્રહ્મોપદેશ?–કે સંસારરૂપી લતાનું મૂળ છેદવાને દાંતરડારૂપ આ બ્રહ્મોપદેશ છે. જેમ દાંતરડું વેલના મૂળને છેદી નાંખે છે તેમ ચૈતન્યવિલાસસ્વરૂપ આત્માની ભાવનાનો આ બ્રહ્મોપદેશ સંસારરૂપી લતાના મૂળને છેદી નાંખવા માટે દાંતરડા જેવો છે.

જે જીવ આ ઉપદેશ ગ્રહણ કરીને આત્માની ભાવના ભાવે છે તેનો સંસાર છેદાઈ જાય છે ને પહેલાં જે અનાથ હતી એ મુક્તિસુંદરીનો તે નાથ થાય છે.

બાર ગાથાની ટીકા કરતાં કરતાં ટીકાકાર શ્રી પદ્મપ્રભમુનિરાજને આત્માના સહજસ્વભાવની ભાવનાનો આહ્લાદ આવતાં કહે છે કે "આમ સંસારરૂપી લતાનું મૂળ છેદવાને દાંતરડારૂપ આ ઉપન્યાસ (કથન-સૂચન)થી બ્રહ્મોપદેશ કર્યો."

'બ્રહ્મોપદેશ'માં શું કહ્યું?—સ્વભાવ–ચતુષ્ટયથી સહિત એવા કારણપરમાત્માને ભાવવો—એમ કહ્યું.

આ કારણપરમાત્મા તે મુક્તિસુંદરીનો નાથ છે. મોક્ષ વગેરે નિર્મળપર્યાયોનો બીજો કોઈ નાથ નથી, બીજા કોઈનું તેને અવલંબન નથી, આત્મા જ તેનો નાથ છે, આત્માનું જ તેને અવલંબન છે. આવા આત્માને ભાવવો એમ વીતરાગી સંતોનો બ્રહ્મોપદેશ છે.

આનાથી વિરુદ્ધ, રાગની કે વ્યવહારની ભાવના કરવાનો, જે ઉપદેશ છે તે બ્રહ્મોપદેશ નથી પણ મિથ્યાદૃષ્ટિનો ભ્રમોપદેશ છે. અહીં તે ભ્રમણા છેદવાનો બ્રહ્મોપદેશ કર્યો કે રાગ કે વ્યવહાર તે કોઈ ઉપાદેય નથી માટે તેની ભાવના છોડવી ને અંતર્મુખ થઈને સહજચૈતન્યસ્વરૂપ આત્માની ભાવના કરવી.

'ભાવના' એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન ને લીનતા. તેના વડે સંસારનું મૂળ છેદાઈ જાય છે. સંસારનું મૂળ ભ્રમણા છે. તે ભ્રમણા આ બ્રહ્મોપદેશ વડે છેદાઈ જાય છે.

જેમ શ્રી 'સમયસાર'માં ૧૨ ગાથા સુધી પીઠિકા છે ને પછી ૧૫ ગાથા સુધી અલૌકિક વાત છે, ૧૫મી ગાથામાં તો 'જિનશાસન'ની અલૌકિક વાત કરી છે તેમ આ નિયમસારમાં પણ ૧૨ ગાથા પૂરી થતાં ટીકાકાર મહામુનિ કહે છે કે આ બ્રહ્મોપદેશ કર્યો. હજી ૧૫મી ગાથા સુધી 'કારણ-શુદ્ધપર્યાય' સંબંધી સરસ વાત આવશે. ૧૫મી ગાથામાં 'કારણશુદ્ધપર્યાય'ની અલૌકિક વાત કરશે.

અહો! સંતોના હૃદય બહુ ઊંડા છે! 'આમાં બહુ સૂક્ષ્મ ઉપદેશ છે'–એમ બતાવવાના આશયથી ટીકાકારે આને 'બ્રહ્મોપદેશ' કહ્યો છે. બ્રહ્મ–આનંદસ્વરૂપ જે આત્મા, તેની ભાવનાનો આ ઉપદેશ છે. આ બ્રહ્મોપદેશ સમજીને જે જીવ આત્મસ્વભાવની ભાવના કરશે, તેને સંસારનું મૂળ છેદાઈ જશે ને તે મુક્તિ પામશે. *(ક્રમશઃ)*

ગમે તે પ્રસંગમાં પ્રત્યેક પળે જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન નિજ આત્માને જ અગ્ર રાખવો. પ્રતિક્ષણ પૂર્ણાનંદના નાથને—જ્ઞાયક પ્રભુને મુખ્ય રાખ. અનાદિ અજ્ઞાનથી જીવને પર્યાયની, શુભાશુભ રાગની ને વ્યવહારની પ્રમુખતા રહી છે; હવે તે છોડી, આનંદકંદ શુદ્ધ જ્ઞાયકને ઓળખી તેને જ દૃષ્ટિમાં ઊર્ધ્વ રાખ. દૃષ્ટિમાં ધ્રુવ જ્ઞાયકની પ્રમુખતા છૂટી જાય તો સમ્યગ્દર્શન રહે નહિ. *—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# જીવોમાં દેહ-ભેદ હોવા છતાં શક્તિમાં ભેદ નથી

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૧)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, બીજા અધિકારની ૯૯મી ગાથા ચાલે છે.

ભાવાર્થમાં (પાંચ લાઈન પછી) જીવજાતિની અપેક્ષાએ બધા જીવોમાં એકપણું છે તો પણ પ્રદેશોના ભેદથી બધા જ જીવો જુદાં જુદાં છે માટે સંખ્યા બધાની જુદી જુદી છે. વસ્તુ દૃષ્ટિએ બધા જીવો એક સમાન છે—જાતિ બધાની એક છે આવી દૃષ્ટિ કરવી તેમાં જૈનશાસનનો સાર સમાઈ જાય છે.

જ્યારે આચાર્યદેવે એમ કહ્યું કે બધા જીવોની જાત એક છે પણ પ્રદેશ જુદા છે-સંખ્યા જુદી છે...ત્યારે કોઈ પરવાદી પ્રશ્ન કરે છે કે જેમ એક ચંદ્રમા પાણીના ભરેલાં ઘણા ઘડામાં જુદો જુદો ભાસે છે તેમ એક જ જીવ જુદા જુદા શરીરોમાં જુદો જુદો ભાસે છે પણ જીવ-બ્રહ્મ એક જ છે. એક બ્રહ્મ જ બધા શરીરોમાં વ્યાપી રહ્યો છે.

શિષ્યની શંકાનું શ્રી ગુરુ સમાધાન કરે છે કે એમ નથી. પાણીના ભરેલા ઘડાઓમાં ચંદ્રમાના નિમિત્તે જળજાતિના પુદ્ગલો જ ચંદ્રમાના આકારે પરિણત થઈ ગયા છે પણ આકાશમાં સ્થિત ચંદ્રમા તો એક જ છે. ચંદ્રમા તો અનેક સ્વરૂપે થયો નથી. પાણીમાં જે ચંદ્ર દેખાય છે તે આકાશનો ચંદ્ર નથી, ચંદ્ર તો ચંદ્રની જગ્યાએ જ છે. જળના ઘડામાં ચંદ્ર દેખાય છે તે પાણી જ છે. તે માટે દ્રષ્ટાંત આપીએ છીએ.

જેમ, એક કાચના મહેલમાં દેવદત્ત નામનો પુરુષ ઊભો છે, તો તેના મુખની ઉપાધિથી એટલે નિમિત્તથી કાંચ જ અનેક મુખરૂપે પરિણત થાય છે, કાંઈ દેવદત્તનું મુખ અનેકરૂપને ધારણ કરતું નથી. જેટલા કાંચ છે એટલા દેવદત્ત મુખ દેખાય છે પણ તે બધા કાંચના પરિણમનરૂપ મુખ છે, દેવદત્તનું મુખ તો એક જ છે. જો દેવદત્તનું મુખ અનેકરૂપ પરિણમન કરતું હોય તો તે બધા મુખ ચેતનમય હોવા જોઈએ પણ એ તો જડ છે-કાચરૂપ છે. એ રીતે ચંદ્રમા તો એક જ છે માત્ર પ્રતિબિંબ અનેક દેખાય છે. તે પાણીના પુદ્ગલોનું પરિણમન ચંદ્રમાના આકારે દેખાય છે. માટે, આ નિશ્ચય સમજવો કે જે કોઈ એમ કહે છે કે એક જ બ્રહ્મના અનેકરૂપ દેખાય છે તે કહેવું યોગ્ય નથી. જીવો બધા જુદા જુદા છે.

વેદાંત કહે છે કે બધા આત્મા એક છે તેનું આ સમાધાન છે કે બધા આત્મા જાતિ અપેક્ષાએ એક હોવા છતા દ્રવ્ય બધાના જુદા જુદા છે એક નથી. સંખ્યાએ દ્રવ્યો અનંત છે. કોઈ આત્મા કોઈ પર આત્મારૂપે કદી થયો નથી. દરેક આત્મા પરિપૂર્ણ અને અખંડ સત્તા ધરાવે છે.

આગળ કહે છે કે બધા જ જીવો દ્રવ્યથી તો જુદા જુદા છે પરંતુ જાતિથી એક છે અને ગુણો બધાના સમાન છે એવી ધારણા કરવી તે મુક્તિનું કારણ છે.

સમયસારની ૧૫મી ગાથામાં આવે છે ને! જે આત્માને અબદ્ધસ્પષ્ટ, અનન્ય, અવિશેષ, નિયત, અસંયુક્ત જુએ છે તે સર્વ જિનશાસનને જુએ છે. એવા પાંચ બોલ કહ્યા છે તેમ અહીં કહે છે કે આવા આત્માને અનુભવમાં લેવો તે સર્વ જિનશાસનનો સાર છે.

આ પરમાત્મપ્રકાશના જ પ્રથમ અધિકારની ૯૯મી ગાથામાં કહ્યું છે કે જે નિકટ-સંસારી જીવ સ્વસંવેદનજ્ઞાનથી પોતાના આત્માને અનુભવે છે, સમ્યગ્દૃષ્ટિપણે પોતાને દેખે છે તે આખા જૈનશાસનને દેખે છે–એવું જિનસૂત્રનું કથન છે. સ્વસંવેદન એટલે પોતાના જ્ઞાન દ્વારા પોતાના આત્માને પરથી ભિન્નપણે અબદ્ધ, નિયત, અસંયુક્ત અને એકરૂપ છું એવો અનુભવે છે તે આખા જૈનશાસનને દેખે છે. આમ, દ્રવ્યસૂત્રમાં કહ્યું છે અને દ્રવ્યસૂત્ર છે તે ભાવશ્રુતનું વાચક છે. આત્મા કેવો છે?–કે શરીર–કર્મ આદિના બંધથી રહિત, સામાન્યસ્વરૂપ, નિશ્ચયસ્વરૂપ, અવિશેષ–એકરૂપ, અનંતગુણના પુંજસ્વરૂપ, વીતરાગભાવ-સ્વરૂપ છે–એવો જે પોતાને સ્વસંવેદનથી અનુભવે છે તેણે તો આખા જૈનદર્શનનો સાર સમજી લીધો.

શ્રોતા :—જૈનશાસનનો સાર શું છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—'વીતરાગતા' એ જૈનશાસનનો સાર છે. નિમિત્ત, સંયોગ, રાગ, એક સમયની પર્યાય, ભેદ વગેરેથી લક્ષ છોડી અખંડ દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ કરવી અને સ્વસંવેદનથી આત્માને અનુભવવો એ જ વીતરાગભાવરૂપ જૈનશાસનનો સાર છે. અહાહા! રાગાદિ હો તે જુદી વાત છે પણ રાગાદિ કરવા કે તેમાં રોકાવું એ જૈનશાસનનો સાર નથી.

વસ્તુ એકરૂપ છે, અખંડ છે તેથી તેમાં રહેલાં તેના ગુણો પણ એકરૂપ અને અખંડ છે. પરના સ્પર્શ અને બંધથી રહિત, અબદ્ધસ્પર્શ, વિશેષથી રહિત સામાન્યસ્વરૂપ,

અનિયતથી રહિત નિશ્ચયસ્વરૂપ, વિકારથી રહિત–અસંયુક્ત જેવું જીવનું સ્વરૂપ છે તેવું જ જ્ઞાનમાં નક્કી કરવું. પહેલા ભાગની ૯૯મી ગાથામાં આ ચાર બોલ કહ્યા છે તે લઈએ.

૯૯મી ગાથાનો ભાવાર્થ :—વીતરાગ નિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનથી શુદ્ધાત્મતત્ત્વને જાણતાં સમસ્ત દ્વાદશાંગ શાસ્ત્ર જાણવામાં આવી જાય છે. આત્માને જાણ્યો તેણે શાસ્ત્રનું આખું હૃદય લઈ લીધું–જાણી લીધું. જેમ રામચન્દ્ર, પાંડવ, ભરત, સગર આદિ મહાપુરુષોએ જૈનેશ્વરી દીક્ષા લઈને, બાર અંગ ભણીને પછી બારઅંગ ભણવાના ફળરૂપ નિશ્ચય રત્નત્રયસ્વરૂપ જે શુદ્ધ પરમાત્મા તેના ધ્યાનમાં લીન થઈ ગયા હતા. માટે, વીતરાગસ્વસંવેદનજ્ઞાન વડે પોતાના આત્માને જાણવો તે જ સાર છે. આત્માને જાણવાથી સર્વનું જાણવું સફળ થાય છે. માટે, જેણે પોતાને જાણ્યો તેણે સર્વ જાણ્યું. આ એક બોલ થયો. 'એકને જાણ્યો તેણે સર્વ જાણ્યું'. પોતાને સ્વસંવેદનથી જાણ્યો તેને લોકાલોકમાં શું છે તે બધું જણાઈ ગયું. બાર અંગનો સાર સમજાઈ ગયો.

બીજો બોલ—નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન થયેલો જે પરમાનંદ સુખરસ–તેના આસ્વાદથી જ્ઞાનીપુરુષ એમ જાણે છે કે મારું સ્વરૂપ જુદું છે અને દેહ રાગાદિક મારાથી જુદાં છે, મારા નથી. આમ, આત્માને જાણવાથી બધા ભેદ જણાઈ જાય છે. જેણે પોતાને જાણ્યો તેણે પોતાથી ભિન્ન સર્વ પદાર્થને જાણી લીધા આ બીજો બોલ થયો.

હવે, ત્રીજો બોલ—આત્મા શ્રુતજ્ઞાનરૂપ વ્યાપ્તિજ્ઞાનથી સર્વ લોકાલોકને જાણે છે માટે આત્માને જાણતાં સર્વ જણાય ગયું. જુઓ! આત્મા ભાવશ્રુતજ્ઞાન સ્વરૂપ પોતાના સ્વરૂપને જાણતા આખા લોકાલોકને વ્યાપ્તિજ્ઞાન વડે જાણી લે છે.

ચોથો બોલ—વીતરાગ નિર્વિકલ્પ પરમસમાધિના બળથી કેવળજ્ઞાનને ઉત્પન્ન કરીને, જેમ અરીસામાં ઘટ-પટ આદિ પદાર્થો પ્રકાશે છે તેમ, જ્ઞાનરૂપી અરીસામાં આખો લોકાલોક ભાસે છે. માટે, એ વાત સિદ્ધ થાય છે કે એક પોતાના આત્માને જાણતાં બધુ જ જણાઈ જાય છે.

આ ચાર બોલ ઉપરથી રહસ્ય જાણીને, બાહ્ય-અભ્યંતર બધો પરિગ્રહ છોડીને બધી રીતે પોતાના શુદ્ધાત્માની ભાવના કરવી જોઈએ. આવું જ કથન સમયસાર ૧૫મી ગાથામાં કુંદકુંદઆચાર્યે કહ્યું છે. 'ભાવશ્રુતજ્ઞાન' આખા જૈનશાસનનો સાર છે. તેમાંથી કેવળજ્ઞાન થાય છે. દ્રવ્યશ્રુત વાચક છે અને ભાવશ્રુતજ્ઞાન વાચ્ય છે. ભાવશ્રુત શું છે? કર્મબંધન રહિત, અભેદ, એકરૂપ, નિર્વિકાર, પૂર્ણાનંદસ્વરૂપ નિજવસ્તુમાં દૃષ્ટિ કરીને અનુભવ કરવો

તે ભાવશ્રુતજ્ઞાન છે અને તેમાં વ્યાપ્તિજ્ઞાનથી લોકાલોક પણ જણાય છે.

તેમાં જ આગળ ૧૦૦મી ગાથામાં કહ્યું કે અહીં વિશેષ કરીને પૂર્વકથિત ચારેય પ્રકારનું વ્યાખ્યાન જાણવું જોઈએ કેમકે આ જ વ્યાખ્યાન મોટા મોટા આચાર્યોએ માન્યું છે અર્થાત્ મોટા મોટા આચાર્યો પણ એ જ કહેતા આવ્યા છે કે એક આત્માને જાણે છે તેણે સર્વ જાણી લીધું છે.

ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ પ્રભુ અનંતગુણ સંપન્ન પોતાના સ્વભાવને જેણે અંતરમુખ થઈને જાણ્યો–તેણે સર્વ જાણી લીધું...નિશ્ચય શું? વ્યવહાર શું? ઉપાદાન અને નિમિત્ત શું? વગેરે બધું એના જ્ઞાનરૂપી પેટમાં આવી જાય છે.

'૯'નો આકડો અફર છે ને! પ્રથમ અધિકારની ૯૯ ગાથા અને આ બીજા અધિકારની ૯૯ ગાથા બંનેમાં આચાર્યદેવે અફર વાત કરી છે. મોટા મોટા બધા આચાર્યો પણ એ જ કહે છે કે જે પોતાને અબદ્ધ-સ્પષ્ટ, અનન્ય, એકરૂપ જુએ છે તે બધા આત્માને એવા જ જુએ છે. તેમાં વિષમતા મટીને સમભાવ થઈ જાય છે. પર્યાયમાં ફેર હોય તેને જાણી લે છે પણ તેનો તિરસ્કાર કરતા નથી. વ્યવહારમાં–પર્યાયમાં ફેર હોય પણ નિશ્ચય તો જેવું મારું સ્વરૂપ મેં જાણ્યું તેવું જ દરેક જીવનું છે. મેં જેમ મારી પર્યાયને ગૌણ કરી પૂર્ણાનંદ સ્વભાવને જાણી લીધો—પ્રસિદ્ધ કર્યો તેમ બીજા આત્માઓની પણ પર્યાયને ગૌણ કરી તેના સ્વભાવને જ પ્રસિદ્ધ કરું છું–વિકારને ગૌણ કરું છું. આત્મા તો તેનો પણ ભગવાનસ્વરૂપ છે.

આમ, જાણવાથી કોઈ પ્રત્યે વિષમભાવ રહેતો નથી જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય છે. જેવો સ્વ-પરને પૂર્ણ જાણવાનો જ્ઞાનસ્વભાવ છે તેવો અનુભવમાં લીધો એટલે સ્વ અને પરને જાણવા-દેખવાનું જ રહ્યું. વિષમતા કરાવાનું રહેતું નથી કેમકે એવો વસ્તુનો સ્વભાવ નથી.

હવે, આ બીજા અધિકારની ૧૦૦મી ગાથામાં કહે છે કે જીવ દ્રવ્યથી તો જુદા જુદા છે પરંતુ જાતિથી એક છે અને ગુણોથી બધા સમાન છે. એવી ધારણા કરવી તે મુક્તિનું કારણ છે. અહીં ગુણથી બધાની સમાનતા બતાવવી છે. પર્યાયથી વિષમતા છે તે પર્યાયદૃષ્ટિનો વિષય છે. વસ્તુ જુઓ તો બધા જીવો જ્ઞાનથી પૂર્ણ, આનંદથી પૂર્ણ, શાંતિથી પૂર્ણ.....બધા ગુણોથી પૂર્ણ છે. આવા બધા જીવો વિદ્યમાન–છતાં પદાર્થ છે–એવી ધારણા કરવી તે મુક્તિનું કારણ છે એ વાત કરે છે.

रायदोस बे परिहरिवि जे सम जीव णियंति।
ते सम-भावि परिट्टिया लहु णिव्वाणु लहंति॥१००॥

અર્થ :-જે રાગ-દ્વેષને દૂર કરીને, બધા જીવોને સમાન જાણે છે તે સાધુ સમભાવમાં બિરાજમાન શીઘ્ર જ મોક્ષ પામે છે.

રાગ-દ્વેષ દૂર કરીને અર્થાત્ પુણ્ય-પાપના વિકલ્પનું લક્ષ છોડીને બધા જીવોને પોતાના આત્મા જેવા જાણે છે તે સમભાવમાં સ્થિત સાધુઓ શીઘ્ર મુક્તિ પામે છે.

બધા જીવો જાતિથી તો એક સમાન છે પણ ગુણોથી પણ બધા જીવો પૂર્ણ છે. કોઈમાં ઓછા-વધારેપણું નથી. જે કાંઈ હાનિ-વૃદ્ધિ છે તે પર્યાયમાં છે અને પોતાથી છે. કોઈ પરદ્રવ્યથી આ જીવની પર્યાયમાં હાનિ-વૃદ્ધિ થતી નથી, પોતાની યોગ્યતાથી થાય છે. આટલી દરેક દ્રવ્યની સ્વતંત્રતા છે તે કબૂલવી જોઈએ. જ્ઞાનમાં હીનતા છે તે જ્ઞાનાવરણીકર્મના ઉદયથી નથી કેમકે જ્યારે વસ્તુનો સ્વભાવ પૂર્ણ છે તે સ્વતંત્રપણે છે તો પર્યાયમાં અલ્પજ્ઞતા અને અલ્પદર્શિતા આદિ છે તે પણ સ્વતંત્ર છે, કર્મના કારણે નથી. હવે તેની દૃષ્ટિ છોડીને પૂર્ણાનંદ સ્વભાવની દૃષ્ટિ કરવી તે સમભાવનું કારણ છે.

જ્ઞાનની, વીર્યની વગેરે ગુણોની પર્યાયમાં હીન-અધિકતા છે તે સ્વતંત્રપણે છે-એમ આવ્યું. પણ, તે અંશ પૂરતી સ્વતંત્રતા સમજાણી. તે તો વ્યવહારનયનો વિષય છે. અંશ છે પણ એટલું જ નહિ પૂર્ણ વસ્તુ સ્વતંત્ર છે એવી દૃષ્ટિ કરવી-આખી વસ્તુ સ્વતંત્ર છે એવી દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શનનો સાર છે. એ જ વીતરાગભાવ છે.

અહીં એ કહ્યું છે કે ગુણોથી બધા જીવો સમાન છે એમ નક્કી કરવું તે મુક્તિનું કારણ છે.

ભાવાર્થ :—ભગવાન આત્મા કેવો છે?-કે વીતરાગ નિજાનંદસ્વરૂપ જે નિજ આત્મદ્રવ્ય તેની ભાવનાથી વિમુખ જે રાગ-દ્વેષ તેને છોડીને, જે મહાન પુરુષ કેવલજ્ઞાન-દર્શન લક્ષણથી બધા જીવોને સમાન ગણે છે તે પુરુષ સમભાવમાં સ્થિત શીઘ્ર જ મુક્તિ પામે છે.

ભાષા અટપટી છે. વીતરાગ નિજાનંદસ્વરૂપ આત્મપદાર્થની ભાવના એટલે વિકલ્પ નહિ પણ એકાગ્રતા તેનાથી વિમુખ એવા રાગ-દ્વેષ તેને છોડીને કેવળજ્ઞાન અને કેવળદર્શન ગુણથી (પર્યાયથી નહિ) જે મહાપુરુષો બધા જીવોને સમાન સમજે છે તે પુરુષો સમભાવમાં સ્થિત છે, માટે શીઘ્ર મુક્તિ પામે છે. પોતાનો સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટાભાવે

વીતરાગી સમભાવે પ્રગટ કર્યો તે જ જીવો અલ્પકાળમાં શિવપુરને પામે છે. આમા વચ્ચે વ્યવહાર સાથે આવે છે, તેનાથી મુક્તિ પ્રાપ્ત થતી નથી એ વાત પણ સિદ્ધ કરે છે.

વિષમપર્યાયને ન જોતા એકલાં સમસ્વભાવને જોવાવાળા શીઘ્ર જ શિવપુરને પામે છે. શિવપુર–શિવનગરી કઈ?–કે પોતાની પૂર્ણ નિરૂપદ્રવ પર્યાયનું પૂર જ્યાં પ્રાપ્ત થાય છે એ શિવપુર છે. શિવપુર ક્યાંય બહારમાં નથી. પોતાની પર્યાયમાં પૂર્ણતા તે શિવપુર છે.

અધ્યાત્મની વાત છે એટલે થોડી ઝીણી છે.

જુઓ! સમભાવનું લક્ષણ આવું છે કે જીવિત-મરણ, લાભ-અલાભ, સુખ-દુ:ખ બધાને સમાન જાણે. શરીરનું જીવન હો કે મરણ હો, શિષ્યોનો, આબરૂનો, કીર્તિનો, પદાર્થોનો લાભ હો કે અલાભ હો એ તો બધી જાણવાની વાત છે. એ બધું આવે કે જાય તેનાથી મને કાંઈ લાભ-નુકશાન નથી. પદાર્થો તો પોતાના કારણે આવે છે અને જાય છે. જીવન પણ શરીરની સ્થિતિ પ્રમાણે રહે છે પછી ચાલ્યું જાય છે. હું તો માત્ર તેને જાણવા-દેખવાવાળો છું, રાખવાવાળો કે દૂર કરવાવાળો નથી.

અહોહો...! પાંચ-પચીસ વર્ષનું જીવન છે પણ એમાં કેવો ચોંટ્યો છે! અનાદિ-અનંતકાળમાં મનુષ્યદેહનો સમય તો બહુ અલ્પ છે તેમાં પણ કેવી એકતાબુદ્ધિ કરી લીધી છે! સ્ત્રીમાં, કુટુંબમાં, ઘરમાં બધે ચોંટી ગયો અને ત્યાંથી નીકળ્યો તો આ મારો સંઘ, આ મારો સંપ્રદાય, આટલું અધિક મારું જાણપણું...એવી અધિકતામાં એવો ચોંટ્યો કે મૂળ વસ્તુ તો એકકોર રહી ગઈ.

અનંતો ભૂતકાળ....અનંતો ભવિષ્યકાળ તેની વચ્ચે આ માત્ર પાંચ-પચીસ વર્ષનો મનુષ્યનો કાળ મળ્યો તેમાં આવી ગડબડમાં રોકાઈ જાય અને સ્વરતન ચૈતન્યની પ્રાપ્તિ ન કરે...ઉંધા રસમાં ચડી જાય...આ શરીર હું, આ મારા પિતા, આ મારો પુત્ર, તેના લગ્ન કરવા, તેને સાચવવા, તેની વ્યવસ્થા કરવામાં આખેઆખો રોકાઈ જાય છે. પણ વ્યવસ્થા તો તેનાથી કાંઈ થઈ શકે નહિ હો.

શ્રોતા :—એ તો આપે કહ્યું; અમે તો એમ માનતા હતા કે અમે જ વ્યવસ્થા કરી શકીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :—ધૂળેય વ્યવસ્થા એનાથી થઈ ન શકે. એ તો માત્ર જાણનાર છે. આત્મા તો જીવન-મરણ, લાભ-અલાભનો જાણનાર છે; કરવાવાળો કે ભોગવવાવાળો આત્મા ત્રણકાળમાં થઈ શકતો નથી.

યોગસારમાં તો અમિતગતિ આચાર્ય કહે છે કે વિદ્વાનોનો સંસાર 'શાસ્ત્ર' છે. કંઈક ક્ષયોપશમ થાય કે થોડો ત્યાગનો ભાવ થાય તો એમાં ચોંટી જાય....એ પણ પરિગ્રહમાં ગણ્યું છે. બીજાને બાયડી-છોકરામાં સંસાર છે તો આને શાસ્ત્રમાં સંસાર છે. આ શાસ્ત્રમાં આ કહ્યું છે....આ શાસ્ત્રમાં આમ કહ્યું છે. ભાઈ! શાસ્ત્રમાં તો બધું કહ્યું છે પણ તેમાંથી વીતરાગતાનો સાર કાઢ્યા વગર તને કાંઈ મળવાનું નથી. સમજાણું કાંઈ!

માંડ થોડો કાળ મળ્યો છે અને જાણપણું ઓછું છે માટે કોઈ વધારાના જાણપણામાં રોકાવા જેવું નથી આને થોડું જાણપણું છે અને આને વિશેષ છે—એવા ખદબદાટમાં રહેવા જેવું નથી. આ તો જ્ઞાતા-દૃષ્ટા થવાનો કાળ છે, તે ચાલ્યો જાય છે.

અરે લાવોને! પાઠ હોય તો આપણને ઠીક પડે વકીલ કાયદાના સિદ્ધાંત બતાવે ને! તેમ આ આચાર્યોએ કહેલા કાયદા બતાવીએ છીએ, કોઈના ઘરની વાત નથી. ૧૩૧ પાના ઉપર....જે પુરુષ અજ્ઞાની છે. વાસ્તવિક હિત-અહિતને જાણતા નથી તેને સ્ત્રી-પુત્રાદિ સંસાર છે પણ જે વિદ્વાન છે કે જે શાસ્ત્રોના અભ્યાસ તો કરી ચૂક્યા છે પણ આત્માજ્ઞાનથી શૂન્ય છે તેનો સંસાર શાસ્ત્ર છે.

વસ્તુસ્થિતિ શું છે તે સમજવાનો પ્રયાસ કરે નહિ અને શાસ્ત્રોની ચર્ચા કરે તેથી કાર્ય થતું નથી. કાર્ય તો પોતાના એક શુદ્ધ ઉપાદાનથી થાય છે. શાસ્ત્ર એમ કહે છે કે તું તારા સ્વભાવમાંથી સમભાવ પ્રગટ કર! સ્વભાવની દૃષ્ટિ કર્યા વગર શાસ્ત્ર પણ તને સંસારનું કારણ થાય છે.

ભગવાન આત્મા રાગ અને અલ્પપણાથી રહિત વીતરાગ સર્વજ્ઞસ્વરૂપી છે–એવી દૃષ્ટિ તે સર્વ શાસ્ત્રોનો સાર છે. એ સાર લીધા વિના માત્ર વાદવિવાદ થાય છે. માટે, વિદ્વાનોએ વાદવિવાદ છોડીને આત્મા સંબંધી વિચાર કરવો. જ્યાં સુધી અજ્ઞાન અંધકારનો નાશ ન થાય ત્યાં સુધી જ્ઞાન જ્ઞેયોને પ્રકાશિત કરી શકતું નથી. અમિતગંતિઆચાર્યનું આ યોગસાર બહુ સરસ છે....સરસ છે. વ્યાખ્યાનમાં આખું વંચાઈ ગયું છે.

અહીં કહે છે કે બાર અંગનો સાર તો તારા પૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવમાં દૃષ્ટિ કરવી તે છે. બધા આત્મા ભગવાન છે માટે કોઈ તારો દુશ્મન કે મિત્ર નથી, માત્ર જ્ઞાનના જ્ઞેય છે; એ પણ પર ઉપયોગથી નહિ, સ્વ-પરપ્રકાશકજ્ઞાનમાં જણાય છે. 'છે' એમ જણાય છે, તે કાંઈ અહીં આવી જતાં નથી.

જીવન-મરણ, લાભ-અલાભ, સુખ-દુઃખ આદિ બધાને સમાન જાણે. તેમાં સુખ-

દુઃખ એટલે સુખ-દુઃખના વિકલ્પ નહિ પણ અનુકૂળ-પ્રતિકૂળ સંયોગને સુખ-દુઃખ કહે છે. સવારે પેલો કહેતો હતો ને! સાહેબ! મારા માથા ઉપર હાથ મૂકો.... અરે! કોના ઉપર હાથ મૂકવો! શરીર ઉપર કે આત્મા ઉપર! શરીરને તો રહેવું હશે તો રહેશે અને છૂટવું હશે તો છૂટી જશે, તેને કોઈ રોકી ન શકે. રોકાવાનું હશે તો કોઈ છોડી નહિ શકે. શરીર છૂટવાનું હોય તો લાખ ઉપાય કરો, ઉપરથી ઈન્દ્રને ઉતારો તોપણ ટકે નહિ.

ભગવાન! જ્ઞાતા-દૃષ્ટા રહેવું તેનું નામ સમભાવ છે. આનંદસ્વરૂપ નિજાત્માની દૃષ્ટિ કર અને જ્ઞાતા-દૃષ્ટા રહે! એ બધા શાસ્ત્રનો સાર છે.

જે અનંત સિદ્ધ થઈ ગયા અને થશે તે બધો સમભાવનો પ્રભાવ છે. અહા! જુઓ, કેટલી અસ્તિ સિદ્ધ કરે છે! જેમ સર્વજ્ઞ ભગવાન પૂર્ણજ્ઞાનથી પૂર્ણને જાણે છે તેમ આ સમભાવી જ્ઞાની અલ્પજ્ઞાનથી પૂર્ણ વિષયને આ છે...આ છે...એમ જાણે છે.

સમભાવથી મોક્ષ મળે છે અર્થાત્ વીતરાગભાવથી મોક્ષ મળે છે, વચ્ચે વિકલ્પ આવે છે તેનાથી મોક્ષ મળતો નથી. વિકલ્પ તો વિષમભાવ છે. પોતાના શુદ્ધાત્માભિમુખ પરિણામને સમભાવ કહે છે. તેનાથી મોક્ષ મળે છે.

કેવું છે તે મોક્ષસ્થાન? અત્યંત અદ્‌ભુત, અચિંત્ય, કેવળજ્ઞાનાદિ અનંતગુણનું સ્થાન છે. પોતાનું ગુણસ્વરૂપ પૂર્ણ છે એવું જ્ઞાન કર્યું તો તેનું ફળ પણ કેવું આવ્યું?–કે અત્યંત અદ્‌ભૂત કેવળજ્ઞાન આદિ....એક સમયની પર્યાયમાં પૂરું જ્ઞાન એ તે કેવી વાત! સમય એક અને તેમાં અનંત કેવળીને જાણે તે ત્રિકાળી પર્યાય તો એમાં આવી ગઈ. એક સમયમાં લોકાલોકને જાણે છે તો તેમાં અનંત સિદ્ધ આવી ગયા ને! તે એક એક સિદ્ધ વર્તમાન પર્યયમાં ત્રિકાળ જાણે છે તે પણ આ જ્ઞાનમાં આવી ગયું ને! એવું અદ્‌ભુત જ્ઞાન છે! ગુણસામાન્ય તરફનો અનુભવ કરવાથી ગુણની પૂર્ણ અદ્‌ભુત શક્તિની પ્રાપ્તિ થાય છે.

કહે છે કે પોતાના પૂર્ણ ગુણ સ્વભાવને જેણે જોયો તે બધા આત્માના પૂર્ણ ગુણ પ્રગટ નહિ હોવા છતાં વસ્તુસ્વભાવે વિદ્યમાન પ્રગટ છે એમ જેની સમભાવદૃષ્ટિ થઈ ગઈ તેના ફળની શી વાત કરવી! તેના ફળરૂપ 'કેવળજ્ઞાન' કે જે ચિંતવવામાં આવી શકતું નથી એવું અચિંત્ય છે. એક સમયનો કેવળજ્ઞાનપર્યાય પોતાના પેટમાં અનંતા કેવળીને રાખે છે. તે એક એક કેવળીમાં ત્રણકાળ ત્રણલોક સમાયા છે એવા અનંતા કેવળી એક પર્યાયમાં જણાય છે, એ સામર્થ્ય કેવું અદ્‌ભુત અચિંત્ય!! આ જ્ઞાન જેવા તો અનંત ગુણ આત્મામાં રહેલા છે. તે બધાની પૂર્ણ પ્રગટ અવસ્થા તે મોક્ષસ્થાન છે. શ્રીમદ કહે છે કે—

'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.'

આત્માની શુદ્ધતાની પૂર્ણદશા તે મોક્ષ છે અને તેને પામે તે મોક્ષનો પંથ છે. તે પૂર્ણ નિર્મળ અચિંત્ય અદ્‌ભૂતદશાને પામવાનો માર્ગ-નિર્ગંથપંથ અહીં સમજાવ્યો છે. વીતરાગ નિર્ગ્રંથમાર્ગ સિવાય આ વાત બીજે ક્યાંય નથી અને આ ભાવ આત્મા સિવાય બીજા કોઈમાં નથી.

અહાહા! એકલું અધ્યાત્મ ઘૂંટ્યું છે.

અહીં આ વ્યાખ્યાન જાણી, રાગ-દ્વેષને છોડી શુદ્ધાત્માના અનુભવરૂપ જે સમભાવ તેનું સેવન સદા કરવું જોઈએ-એ જ આ ગ્રંથનો અભિપ્રાય છે.

ભગવાન આત્મા પૂર્ણ વીતરાગઘન અખંડ સ્વરૂપ પ્રભુના એક એક ગુણ અખંડ છે એવા શુદ્ધાત્માના અનુભવરૂપ સમભાવનું સદા એકરૂપ સેવન કરવું જોઈએ. કરવાલાયક આ એક જ છે, બાકી બધું જાણવાલાયક છે. શ્રીમદે લખ્યું છે (સ્વાધ્યાયમંદિરમાં ઉગમણો પેલો ચાકળો)

'જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય.'

આ થોડા શબ્દોમાં દ્રવ્ય-ગુણનું સામર્થ્ય, તેનો ઉપાય અને ફળ બતાવી દીધું છે. જીવ એક છે અને અખંડ છે, ખંડ-ખંડ નથી અને સંપૂર્ણ દ્રવ્ય છે. બધા થઈને એક આત્મા છે એમ નથી, એકલો જ પૂર્ણ છે. સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય એક અખંડ અને સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગતા હોય ત્યારે સ્વભાવની પ્રતીતિ અને અનુભવ આવે પણ સંપૂર્ણ વીતરાગ થાય ત્યારે જ સંપૂર્ણ સર્વજ્ઞદશા આવે છે.

જ્ઞાનની જેમ દર્શન, ચારિત્ર આદિ બધા ગુણ અખંડ અને સંપૂર્ણ હોય છે. સમયસાર ૨૦૪મી ગાથામાં આવ્યું છે ને! મતિજ્ઞાન આદિ પાંચ પર્યાયો એક જ્ઞાનને અભિનંદે છે તેમ બધા ગુણો અભેદ હોય છે. પૂર્ણ તરફની દૃષ્ટિમાં શુદ્ધિના બધા અંશો અંતરમાં અભેદ હોય છે.

અહીં કહે છે કે સમભાવનું સદા સેવન કરવું જોઈએ તેનો અર્થ એ કે વિકલ્પની ભાવના કરવી, સંયોગની ભાવના કરવી એ બધો વિષમભાવ છે. માટે, નિમિત્તને

મેળવવાની ભાવના છોડી દે! દરેક દ્રવ્ય પોત પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પરિણમી રહ્યું છે, તેમાં કોઈ કોઈનો સ્વામી કે અધિકારી નથી. માટે, પરદ્રવ્યને મેળવવાની ભાવના છોડી દે! પરના આત્મા પરિપૂર્ણ છે એમ જાણી લે! પરમાણુ આદિ પણ સ્વતંત્ર અને સંપૂર્ણ છે તે બધાનું લક્ષ અને દૃષ્ટિ છોડીને પોતાનું દ્રવ્ય સંપૂર્ણ છે તેની દૃષ્ટિ કરવી તે સમભાવ છે, એ સમભાવનું સેવન સદા કરવું જોઈએ. વચમાં વ્યવહારથી લાભ થશે એમ ન માનવું જોઈએ. 'સદા' શબ્દ પડ્યો છે ને! વ્યવહારને યાદ પણ કર્યો નથી. અસ્તિની વાત કરી તેમાં નાસ્તિ આવી જાય છે, યાદ કરતા નથી–એવી અસ્તિની શૈલી છે. 'નમઃ સમયસારાય....કળશમાં ભાવાય–દ્રવ્ય, ચિત્સ્વભાવ ગુણ અને સ્વાનુભૂત્યા ચકાસતે એટલે અનુભૂતિની ક્રિયાથી આત્મા પ્રકાશે છે. તેમાં સંવર-નિર્જરા લીધા છે અને પૂર્ણ સાધ્ય–સર્વભાવાન્તરચ્છિદેમાં કેવળજ્ઞાન લઈ લીધું છે પણ આસ્રવ-બંધ અને અજીવ તેમાં નથી, એ લીધું જ નથી. અસ્તિની વાત કરી તેમાં બધું આવી ગયું. સમયસારમાં પહેલાં જ કળશમાં મંગલાચરણમાં અસ્તિ બતાવી દીધી છે.

નમઃ સમયસારાય—સમયસારને હું નમું છું. સમય એટલે આત્મા અને સાર એટલે દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત આત્મા. હવે ભાવાય—એટલે દ્રવ્ય પણ કેવું દ્રવ્ય? ચિત્સ્વભાવાય–જ્ઞાનસ્વભાવ. તે પ્રગટ શી રીતે થાય?–કે સ્વાનુભૂત્યા ચકાસતે–અનુભૂતિની ક્રિયાથી આત્માની ખ્યાતિ અર્થાત્ પ્રાપ્તિ થાય છે. આત્મખ્યાતિ ટીકાનો પહેલો શ્લોક છે ને! જ્ઞાનસ્વભાવ કહેતાં જીવ સિવાયના બીજા દ્રવ્યોનો નિષેધ થઈ ગયો. પોતાના જ્ઞાનસ્વભાવની વાત છે તેથી બીજા જીવોનો પણ નિષેધ આવી ગયો અને અનુભૂતિમાં સંવર-નિર્જરા આવી ગયા. તેમાં આસ્રવ-બંધનો નિષેધ આવી ગયો. વ્યવહારનો નિષેધ આવી ગયો અને એકલી અંતરની અનુભવક્રિયાથી 'સર્વભાવાન્તરચ્છિદે'માં મોક્ષની પ્રાપ્તિ લઈ લીધી. ત્રણકાળ ત્રણલોકને જાણનાર જ્ઞાન પ્રગટ થઈ જાય છે, આમા શું બાકી કહ્યું? આચાર્ય પણ કાંઈ ગજબ કામ કરે છે ને!

સાત તત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન તે આમા આવી ગયું કે નહિ! સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય. અપૂર્ણ વીતરાગને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે અને પૂર્ણ વીતરાગ થતાં કેવળજ્ઞાન થઈ જાય છે.

મૂળ તો અસ્તિની શું વાત છે! એ આવવું જોઈએ નાસ્તિની વાત પછી. પણ, પેલાં અસ્તિ ધ્રુવ....ધ્રુવ શું છે? તેની મહિમા આવવી જોઈએ. પ્રવચનસાર ૧૯૨ ગાથામાં આવે છે કે આત્મા મહાન પદાર્થ છે 'મહત્તમ' શબ્દ છે. આત્મા અતીન્દ્રિય મહાપદાર્થ

છે એટલે ક્ષેત્રથી મોટો નથી પણ ભાવથી મહાન છે. દર્શન-જ્ઞાન-આનંદ આદિ સ્વભાવથી આત્મા મહાન પદાર્થ છે. ક્ષેત્રથી તો આકાશ મોટું દ્રવ્ય છે પણ તેની મહાનતા નથી. આત્મા જેવો કોઈ મહાન પદાર્થ નથી. જ્ઞાન, દર્શન અને આનંદ જેવા ગુણો દુનિયામાં ક્યાં છે! આત્મા અનંત મહિમાવંત પોતાના સ્વભાવથી મહાન છે. જ્ઞાન-દર્શન-આનંદ આદિ ભાવોની અચિંત્યતાથી આત્મા મહાન છે. અસ્તિત્વ, વસ્તુત્વ આદિ ગુણ તો બીજા દ્રવ્યમાં પણ છે.

समभावना कर्तव्येत्यभिप्रायः સમભાવની ભાવના સદા કરવા જેવી છે તે આ ગાથાનો અભિપ્રાય છે.

હવે, બધા જીવોમાં કેવળજ્ઞાન-કેવળદર્શન સાધારણ લક્ષણ છે, તેના વિના કોઈ જીવ નથી. આ ગુણ શક્તિરૂપે બધા જીવોમાં હોય છે. એમ કહે છે. જુઓ! કેવળજ્ઞાન-દર્શન એ જ જીવની મહાનતા છે.

जीवहँ दंसणु-णाणु जिय लक्खणु जाणइ जो जि।
देह-विभेएँ भेउ तहँ णाणि कि मण्णइ सो जि॥१०१॥

અર્થ :-જીવોના દર્શન અને જ્ઞાન નિજ લક્ષણને જે કોઈ જાણે છે તે જ જ્ઞાની દેહના ભેદથી જીવોમાં ભેદ શું માની શકે?-ન માની શકે.

જ્ઞાન-દર્શનથી જ જીવની મહાનતા છે. અહીં બે ગુણ લીધા છે. ૧૦૨ ગાથામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણ ગુણ લેશે. બધા ગુણો એકસાથે છે ને! દેહના ભેદથી શું જીવમાં ભેદ જ્ઞાની માની શકે? એ જ રીતે પર્યાયમાં રહેલા અલ્પજ્ઞ આદિ ભેદથી જ્ઞાની, જીવોમાં ભેદ માને?-ન માને. પૂર્ણ આનંદ-જ્ઞાન-દર્શન આદિ સમાન ગુણોથી બધા જીવો સમાન છે એમ જ જ્ઞાની માને છે.

(ક્રમશઃ)

❊ ❊ ❊

### ❊ સૂચના ❊

દરેક મુમુક્ષુમંડળોને નિવેદન છે કે પૂજ્ય ગુરુદેવશ્રી આપના ગામમાં ક્યારે-ક્યારે પધાર્યા, કેટલાં પ્રવચન થયાં તથા આપના ત્યાં કોઈ ખાસ પ્રસંગ ઉજવાયો હોય તો તેની વિગત હિન્દી આત્મધર્મ- કાર્યાલય, સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢને લખી જણાવવા નમ્ર વિનંતી. આ સૂચના જૂન ૨૦૦૫ના અંકમાં આપેલી. છતાં જે મુમુક્ષુ મંડળોએ ઉપરોક્ત માહિતી મોકલી ન હોય તેઓએ તુરંત મોકલવા વિનંતી.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

**શ્રી કુંદકુંદ-આચાર્યપદારોહણદિન**—આપણા પરમ પૂજ્ય દિગંબર-આચાર્યશિરોમણિ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદારોહણદિન' માગશર વદ-૮, સોમવાર, તા. ૩૧-૧૨-૨૦૦૭ના દિવસે છે. આ અવસર શ્રી સીમંધરસ્વામી-સમવસરણમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક સંપન્ન કરવામાં આવશે.

## વૈરાગ્ય-સમાચાર :—

રાજકોટનિવાસી (હાલ વડોદરા) શ્રી ફાલ્ગુનીબેન શીરીષભાઈ લાખાણી (વર્ષ-૫૨) તા. ૨૩-૯-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી શ્રી રામજીભાઈ ખોડાભાઈ ઢોલરીયા (વર્ષ-૮૪) તા. ૧૮-૧૦-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી શ્રી વિનયકાંત હીરાચંદ લાખાણી (વર્ષ-૮૪) તા. ૫-૧૦-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

*શ્રી કુંદકુંદકહાનસૂર્ય સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ બેંગલોર દ્વારા આયોજિત*

## શ્રી નેમિનાથ જિનમંદિરનો દશાબ્દી મહોત્સવ તથા શ્રી સમયસાર પરમાગમમંદિરનો ઉદ્‌ઘાટન સમારંભ

અત્યંત આનંદોલ્લાસ સહ નિવેદન છે કે ભગવાન મહાવીરના શાસનના વર્તમાન યુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના શાસનના સંવર્ધક પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પ્રભાવનાયોગથી અમારા બેંગલોર (રાજાજીનગર)માં આજથી ૧૦ વર્ષ પહેલાં પંચકલ્યાણક પ્રતિષ્ઠાપૂર્વક શ્રી નેમિનાથ આદિ જિનભગવંતોની મંગલ પધરામણી થઈ હતી. અમારા તે જિનમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત ઉપકારી તથા પ્રિય, ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ પ્રણીત ગ્રંથાધિરાજ સમયસાર, શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત આત્મખ્યાતિ ટીકા સાથે સંગમરમર પર કોતરાવીને–દક્ષિણભારતમાં પ્રથમવાર, શ્રી સમયસાર પરમાગમમંદિરનું નિર્માણ થઈ રહ્યું છે.

આ શ્રી સમયસાર પરમાગમમંદિરનું ઉદ્‌ઘાટન તથા શ્રી નેમિનાથ જિનમંદિરનો દશાબ્દિ મહોત્સવ, મહા સુદ ૧૧ તા. ૧૭-૦૨-૨૦૦૮ રવિવારથી મહાસુદ ૧૩ તા. ૧૯-૦૨-૨૦૦૮ મંગળવાર સુધી શ્રી તીર્થમંડળ વિધાન પૂજન તથા અધ્યાત્મજ્ઞાનોપાસનાના વિવિધ ત્રિદિવસીય કાર્યક્રમપૂર્વક મનાવવામાં આવશે. આ પાવન પ્રસંગ પર પધારવા માટે અમારું મુમુક્ષુ સમાજને સાદર નિમંત્રણ છે તો આપ સર્વે અવશ્ય પધારશો.

નિમંત્રક

શ્રી કુંદકુંદકહાનસૂર્ય સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
રાજાજીનગર, બેંગલોર–૫૬૦૦૧૦

Contact N0. 080-64537071

## * સપ્તમ બાલસંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર *

ડિસેમ્બર માસની રજાઓમાં તા. ૨૩-૧૨-૨૦૦૭ થી તા. ૨૯-૧૨-૨૦૦૭ સુધી શ્રી કહાન-પુષ્પ પરિવાર આયોજિત "સપ્તમ બાલ સંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર' અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં રાખેલ છે. આ શિબિર સ્વ. જીતેન્દ્ર કેશવલાલ શાહ દાદર (મુંબઈ)ના સ્મરણાર્થે હ. અમીતા નીજેશ શાહ તથા પ્રિયલ રીતેશ શાહના સૌજન્યથી યોજવામાં આવેલ છે. તદુપરાંત આ શિબિરના શિબિરાર્થીઓ માટે તા. ૨૮-૨૯ ડીસેમ્બર બે દિવસ સૌરાષ્ટ્રનાં કેટલાંક મંદિરોની યાત્રાનો વિશેષ કાર્યક્રમ પણ રાખેલ છે. આ યાત્રાના સૌજન્યકર્તા ધીરજલાલ ભવાનભાઈ શાહ પરિવાર ઘાટકોપર મુંબઈ છે. સર્વે મુમુક્ષુઓને પોતાના બાળકોને આ 'આધ્યાત્મિક જ્ઞાન શિબિર'માં મોકલવા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢનો સાગ્રહ અનુરોધ છે.

સૌરાષ્ટ્રની સુપ્રસિદ્ધ નગરી સુરેન્દ્રનગર મધ્યે નૂતન નિર્માપિત

## શ્રી સૂર્યકીર્તિ તીર્થધામમાં

શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર, શ્રી સીમંધરસ્વામી વીસ વિદેહી જિનવર કમલાકાર દિગંબર જિનમંદિર, શ્રી સીમંધરસ્વામી માનસ્તંભજી—ત્રિજિનાયતનોમાં બિરાજમાન થનાર જિનબિંબોનો

# શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ

અત્યંત આનંદોલ્લાસ સહ નિવેદન છે કે ભગવાન શ્રી નેમિનાથ તથા વીતરાગી સાધક સંતોની સાધનાથી પાવન સૌરાષ્ટ્ર પ્રાંતની પાવનધરાના પ્રવેશદ્વાર સમા અમારા સુરેન્દ્રનગરમાં પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીના પવિત્ર કરકમળથી પ્રતિષ્ઠિત શ્રી શાંતિનાથ જિનમંદિરની મંગલ આશિષ છાયામાં પૂજ્ય ગુરુદેવના પ્રભાવનાયોગની વૃદ્ધિ સૂચવતા શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા નિર્માપિત "શ્રી સૂર્યકીર્તિ તીર્થધામ"માં શ્રી સીમંધર સ્વામી જિનમંદિર, વીસ વિદ્યમાન વિદેહી જિનવર કમલાકાર જિનમંદિર તથા ગગનસ્પર્શી ૫૧ ફૂટ ઉન્નત શ્રી સીમંધર સ્વામી માનસ્તંભજીની પંચકલ્યાણક પ્રતિષ્ઠાના મંગળ મહોત્સવનું આયોજન વિ.સં. ૨૦૬૪ પોષ સુદ ૧૩, રવિવાર તા. ૨૦-૧-૨૦૦૮થી પોષ વદ ૫ રવિવાર તા. ૨૭-૧-૨૦૦૮સુધી કરવામાં આવ્યું છે. અતઃ નિજ કલ્યાણના આ પાવન અવસર પર અમારું સમગ્ર મુમુક્ષુ સમાજને સુરેન્દ્રનગર પધારવાનું સાદર આમંત્રણ છે.

પરમકૃપાળુ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી અને ધન્યાવતાર પૂજ્ય ભગવતી માતાના પુનિત પ્રભાવનાયોગે અમારા શહેરમાં મહાભાગ્યથી સંપન્ન થવાવાળા આ ભવ્ય મહોત્સવમાં આપ સર્વે સપરિવાર સાધર્મી મુમુક્ષુવૃંદ સહિત અવશ્ય પધારશો..

શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
'શ્રી સૂર્યકીર્તિ તીર્થધામ'
જૂના જંકશન રેલ્વે ફાટક પાસે,
શ્રી મલ્લીનાથ એપાર્ટમેન્ટ સામે,
સુરેન્દ્રનગર—૩૬૩૦૦૨

લિ.
શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન મુમુક્ષુ
મંડળ—સુરેન્દ્રનગર
મુકુન્દરાય ચુનીલાલ શાહ (પ્રમુખ)ના
જયજિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‍ગાર

❀ વ્યવહારરત્નત્રય એ સુખ નથી, દુઃખ છે. તેમાં તું કેમ રહીશ? જેને સુખના સાગરની દૃષ્ટિ થઈ છે તે દુઃખમાં કેમ રહેશે? જેને પ્રભુની દૃષ્ટિ થઈ છે તે રાગની પામરતા સાથે કેમ વસે? પ્રભુ પામરતામાં કેમ રહે? પ્રભુત્વ નામની જેનામાં શક્તિ છે એવો પ્રભુ રાગની પામરતામાં કેમ રહે? પ્રભુ, તું પ્રભુ છો ને! તેની જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં પર્યાયમાં પ્રભુતા પ્રગટી; તે હવે રાગની પામરતામાં કેમ રહે?—ન રહે. ૪૩૨.

❀ દેવ-શાસ્ત્ર-ગુરુ એમ કહે છે કે અમારા પ્રત્યેની ભક્તિના પ્રેમમાં–રુચિમાં જે રોકાય છે તેને આત્મા હેય છે. દેવ-શાસ્ત્ર-ગુરુ પરદ્રવ્ય છે. તેના પ્રત્યેનો પ્રેમ છે તે રાગ છે. રાગના પ્રેમીઓને આત્મા હેય છે. સ્વદ્રવ્યથી વિપરીત પ્રશસ્ત શુભરાગનો તથા પ્રશસ્ત રાગના નિમિત્તો જે દેવ-શાસ્ત્ર-ગુરુ તેનો જેને આદર વર્તે છે—રુચિ વર્તે છે તેને આત્મા હેય છે એટલે કે વ્યવહારરત્નત્રયનો રાગ અને વ્યવહારરત્નત્રયના નિમિત્ત જે દેવ-શાસ્ત્ર-ગુરુ તેનો જેને પ્રેમ છે—રુચિ છે તેને આત્મા હેય છે. ૪૩૩.

❀ આ સમયસાર! ઓહોહો! જગતના ભાગ્ય કે આવું શાસ્ત્ર રહી ગયું! જેણે જગતને ભગવાન ભેટ આપ્યો છે એ સમયસારની ૪૯મી ગાથામાં પાંચમા બોલમાં કહે છે કે અવ્યક્ત છે તે વ્યક્તને સ્પર્શતો નથી. આનંદની પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. જેને અક્ષય અમેય કહેવાય છે એવી પર્યાયને અવ્યક્ત સ્પર્શતું નથી તેને હે શિષ્ય! તું જાણ. જાણ કહેતાં પર્યાય સિદ્ધ થઈ પણ જાણે કોને?—કે જે પર્યાયને સ્પર્શતું નથી એવા અવ્યક્તને જાણે. ૪૩૪.

❀ દ્રવ્યદૃષ્ટિમાં તો એકલો ત્રિકાળી સામાન્ય ભૂતાર્થ સ્વભાવ જ આશ્રયરૂપ છે, તેમાં તો શુદ્ધ પર્યાય પણ ભિન્ન પડી જાય છે ને તે વ્યવહારનયના વિષયમાં જાય છે. ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો આશ્રય કર્યો તે દ્રવ્ય 'સ્વ' છે. આશ્રય તો એક સ્વનો–સામાન્ય ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો જ હોય છે. સ્વભાવનો આશ્રય કરનારી પર્યાય તે પણ દ્રવ્યદૃષ્ટિના વિષયમાં પર છે–ભિન્ન છે. ૪૩૫.

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૦૭
અંક-૪ * વર્ષ-૨

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

# જાણનક્રિયાથી ક્રોધાદિક્રિયાનું ભેદવિજ્ઞાન

ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી એમ કહીને અહીં આસ્રવને ને આત્માને કાંઈ સંબંધ નથી એમ બતાવ્યું છે. આસ્રવના ને આત્માના પ્રદેશો ભિન્ન હોવાથી, બન્નેની સત્તા ભિન્ન ભિન્ન હોવાથી એમને આધાર-આધેયસંબંધ પણ નથી. જાણનક્રિયા આધાર ને આત્મા આધેય એવો આધાર-આધેયસંબંધ છે પરંતુ આસ્રવને ને આત્માને તો અત્યંત અભાવ હોવાથી આવો કોઈ સંબંધ પણ નથી. જાણનક્રિયામાં 'આ આત્મા' એમ જણાય છે. જાણનક્રિયા કે જે પોતાનું સ્વરૂપ છે તે આધાર છે ને આત્મા આધેય છે.

—*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662